અપીલ અરજી નં.૧૯૦ તા.૨૭–૭ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અમિત રમાકાંત સોની
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અમિત રમાકાંત સોનીની તા.૨૩–૬–૧૧ની અરજીથી પ્લોટ નં. ૫૫ શીવનગર સોસા. હેડગેવાર વસાહત પરવાનગી– જાણકારી માટે માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૯૦/૨૦૧૧–૧૨

શ્રી અમિત રમાકાંત સોનીની તા.૨૩–૬–૧૧ની અરજીથી પ્લોટ નં. ૫૫ શીવનગર સોસા. હેડગેવાર વસાહત પરવાનગી– જાણકારી માટે માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૭–૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૭ તા.૫–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા મળેલ માહિતી અને તે સામે નારાજગીની વિગતો જણાવેલ ન હોય જે રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૭૮ તા.૧૦–૮–૧૧ ના પત્રની નકલ તથા મુળ અરજીની નકલ પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૬–૧૧ ની અરજીથી પ્લોટ નં. ૫૫ શીવનગર સોસા. હેડગેવાર વસાહત પરવાનગી– શહેર વિકાસ ખાતાની આપવામાં આવેલ છે અને કેટલા પ્લાન મંજુર છે તેની જાણકારી માટે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારીના તા.૨૭–૭–૧૧ ના નિર્ણયથી નારાજ હોવાનું કારણ જણાવેલ છે. જેના સંદર્ભે અત્રેથી અપીલ તબકકે પૂરક વિગતોમાં અપીલ અરજી કરેલ આપેલ કરેલ મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા મળેલી માહિતી સામે નારાજગીની વિગતો માંગવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તેવી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. અરજદારને સદર અરજી બાબતે પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૨૭૮ તા.૧૦–૮–૧૧ થી અરજદારની સદર અરજીમાં જણાવેલ શીવનગર સોસા. ટીપી નં.૨, ફા.પ્લોટ નં.૭૦ ના પ્લાન ઉપલબ્ધ રેકર્ડ મુજબ ટીડીઓ/૬૪ તા.૨૦–૫–૯૭ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. તેવું નિયત સમય અવધિ બાદ વિલંબથી જણાવેલ છે. પરંતુ અરજદાર તરફથી પ્લોટ નં.૫૫ શિવનગરની માહિતી માંગવામાં આવેલ છે જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ જણાતી નથી. આથી અરજદારને વોર્ડ નં.૫૫ શિવનગર સોસા.ની દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી પ્લોટ નં.૫૫ શીવનગર સોસા. હેડગેવાર વસાહતની પરવાનગી અને કેટલા પ્લાન મંજુર છે તેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોય દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અમિત રમાકાંત સોની